સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

અન્યાય સામે લડતાનું એક જ શરણું હતું,
સળગતા આ સમાજમાં એક જ ઝરણું હતું.
ઘરેણું હતું આ જુઠ્ઠા કાયદાના ન્યાયતંત્રનું -
ડૂબતી શ્રદ્ધામાં 'સુપ્રીમ' એક જ તરણું હતું...
(સુપ્રીમમાં પણ બધું બરાબર નથી ?!)

હાઈકુ

કોતરી નાખી !
સત્તાના ઉંદરો એ -
સ્ટીલની ભીંતો...
(સુપ્રીમમાં છિદ્રો)

પડ્યો ઘૂંટણે -
ન્યાય નો વિક્રમાદિત્ય,
મોભાનો મોહ?
(પાલતુ શ્વાન!)

ચિંતન

સ્વભાવાત્ યસ્ય ન એવ આર્તિઃ લોકવત્ વ્યવહારિણઃ ।
મહાહ્દ ઈવ અક્ષોભ્યઃ ગતકલેશઃ સ શોભતે ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

શબ્દસઃ જોઈએ તો સામાન્યની જેમ વર્તવા છતાં સ્વભાવથી જ જેને દુઃખ થતું નથી. તે મહાસરોવરની જેમ ક્ષોભરહિત અને ક્લેશરહિત થઈ શોભે છે.

જે જ્ઞાની સ્વભાવથી જ વ્યવહારમાં પણ સામાન્યની જેમ દુઃખી થતો નથી અને મહાસરોવરની જેમ શોભરહિત છે, એ જ શોભે છે.

જ્ઞાની છે તે કોઈ વિચારાપૂર્વક નહીં, પણ સ્વભાવથી, સહજ રીતે; બીજા કોઈ પણ સામાન્ય માણસની જેમ વર્તે છે. વ્યવહાર કરે છે. છતાં કોઈક વ્યવહારની જેમ સામાન્ય માણસને દુઃખ થઈ આવે તેવું તેને દુઃખ થતું નથી. એ તો કોઈ વિશાળ સરોવરની જેમ શાંત અને ક્લેશરહીત રહે છે, અને શોભે છે. બીજી રીતે જોઈએ તો જ્ઞાની સ્વભાવથી જ, સહજ રીતે જ, પોતાના વ્યવહારમાં અન્ય સામાન્ય માણસની જેમ દુઃખી થતા નથી. સામાન્ય માણસ વિચારપૂર્વક પગલું ભરે છે, ને તેથી દુઃખ કે સુખ અનુભવે છે. જ્ઞાની એ જ પ્રકારનું વર્તન કરે છે તો પણ એ તદ્દન સહજ રીતે થવાથી એને સુખ કે દુઃખ લાગતું નથી.

સુવિચાર

- અનીતિથી કરેલી કમાણીની અગિયાર વર્ષની એક્સપાઈરી ડેટ હોય છે - **કાંતિ ભટ્ટ**
- માગવા જેવી ૩ વસ્તુ છે, સદ્બુદ્ધિ, સદ્વાણી અને સદ્વર્તન - **જનકલ્યાણ**
- ધર્મનું રક્ષણ કરવાનું છે, મતભેદનું રક્ષણ કરવાનું નથી - **ધર્મસૂત્ર**
- આ જગતમાં બધું ય જડે, પણ પોતાની ભૂલ ના જડે - **એસ. ભટ્ટાચાર્ય**
- સમજ, વિવેકથી સુખિયા થવાય, પૈસાથી નહીં - **તરુણ સાગરજી**
- વસ્તુનો લોભ થાય ત્યારથી માણસ અંધ થાય - **ફાધર વર્ગીસ**
- જ્ઞાન વજન આપે છે અને ઉપલબ્ધિઓ ચમક આપે છે - **શરીફા વિજળીવાળા**
- આજનું ઔષધ : ગળોના પાનનો રસ અને વાંસના પાનનો રસ સરખે ભાગે લઈ મિક્સ કરી પીવાથી હરસમાં તરત રાહત થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

રાષ્ટ્રપતિ કલામે પોતાના પચાસ સંબંધીઓને રાજધાની દિલ્હીમાં ફરવા બોલાવ્યા. એમના સૌ સંબંધીઓ રાષ્ટ્રપતિ ભવનમાં ચારેક દિવસ રહ્યા. કલામે એમને એક બસ ભાડે કરી દિલ્હી શહેર બતાવ્યું. આ બસના ભાડાના પૈસા એમણે એમના અંગત રકમમાંથી આપ્યા. એક પણ વાર રાષ્ટ્રપતિ ભવનના સરકારી વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

આ પચાસ સંબંધીઓનું ભોજન રાષ્ટ્રપતિ ભવનમાં થતું હતું તે અંગેનો ભોજન ખર્ચ અને બીજા ચા પાણી નાસ્તાનો ખર્ચનો હિસાબ એમણે સૂચના આપી અલગ રખાવ્યો હતો. કુલ ખર્ચ અંદાજે બે લાખ રૂપિયા આવ્યો. જે રકમ પણ કલામે અંગત રકમમાંથી ચૂકવી દીધી હતી.

અને એક રાષ્ટ્રપતિ એવાં હતાં જે રાષ્ટ્રપતિ ભવનનું રાચરચીલું પણ ઘરભેગું કરી ઉપાડી ગયાં...

દાળમાં જરૂર કંઈક કાળું છે

તંત્રીસ્થાનેથી...

પ્રજાને નેતન્યાહુ-મોદીના ઉમળકાભર્યા આલિંગનો કરતાં સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ ન્યાયાધીશોએ ચીફ જસ્ટિસ દીપક મિશ્રા સામે કરેલા બળવા પાછળનું સત્ય જાણવામાં વધારે રસ છે. ન્યાયતંત્રને આપણે શંકાથી પર ગણીને ચાલતા રહ્યા છીએ અને આવો મીઠો ભ્રમ પ્રજાના માનસિક સ્વાસ્થ્ય માટે ઉપકારક પણ છે. પરંતુ એથી ન્યાયપાલિકામાં બધું સમુસૂતરું જ ચાલે છે, એમ માની લેવું વધારે પડતું છે. કેટલી ઊંડી અકળામણ અનુભવી હશે ત્યારે સર્વોચ્ચ અદાલતના ચાર ન્યાયાધીશોએ પ્રસ્થાપિત લક્ષ્મણરેખા ઓળંગીને દેશ સમક્ષ પોતાનો અંતરાત્માનો અવાજ રજૂ કરવાનો અઘરો નિર્ણય કર્યો હશે. જસ્ટિસ દીપક મિશ્રા અને એમના પૂર્વ સૂરિ જસ્ટિસ ખેહર ન્યાયપાલિકાની રોસ્ટર પરંપરાને અવગણી પોતાની મુન્સફી મુજબ પસંદગીના જજોને ખાસ કેસોની સુનાવણી સોંપતા થયા હોય તો સ્વાભાવિક છે કે એમાં ઉપેક્ષિત ન્યાયાધીશોને દાળમાં કંઈક કાળું હોવાનો વહેમ પડે જ. સુપ્રીમ કોર્ટ એટલે બધા જ વિવાદોથી પર અને તે જે ચુકાદો આપે તે જ બ્રહ્મવાક્ય, એવી આશાએશ અને શ્રદ્ધા ડગી જાય ત્યારે આવી ઘટના ઘટતી હોય છે. આપણે એને 'દુર્ઘટના' ન કહીએ. કારણ કે સર્વોચ્ચ ન્યાયિક સંસ્થામાં પેસેલા સડાને સાફ કરવા માટે આવા બુલંદ આંચકાની જરૂર તો હતી જ. ચાર ન્યાયાધીશોએ પોતાને કનડતા મુદ્દા ચીફ જસ્ટીસ સાથે લેખિત અને મૌખિક સ્વરુપે ચર્ચવા માટે પ્રામાણિક કોશિશ જરૂર કરી હતી પણ એમની રજૂઆત બહેરા કાને અથડાઈ હોય તો સ્વાભાવિક છે કે તેઓ પોતાની વાત દેશ સમક્ષ મૂકવા મજબૂર બને. એમાં પણ સોહદાબુદ્દીન કેસમાં સીબીઆઈ ન્યાયાધીશ લોયાના શંકાસ્પદ મૃત્યુ સંદર્ભે ટાઢું ટીપી નાખવાની મનોવૃત્તિ જોઈ આ ઉપેક્ષિત ન્યાયાધીશો વધુ અકળાયા. તે વખતે લોયાના પરિવારજનોએ પણ ન્યાયાધીશ ચુકાદો આપતી વખતે બહુ જ ટેન્શનમાં હતા એવો આક્ષેપ કરેલો. ખાસ તો આ કેસમાં ખુદ અમિત શાહ સંડોવાયેલા હતા. લોયા પર એમને દોષમુક્ત જાહેર કરવાનું રાજકીય દબાણ હોવાની શંકા-કુશંકા પરિવારથી લઈ ન્યાયપાલિકા સુધીનાં વર્તુળોમાં પ્રસરેલી હતી. જો કે ચાર ન્યાયાધીશોની પડકારરૂપ પત્રકાર પરિષદ પછી રાહુલ ગાંધી સહિતના રાજકીય નેતાઓની નિવેદનબાજીથી લોયાનો પરિવાર વધુ અકળાયો છે અને ખુદ લોયાના પુત્રે નિવેદન આપીને કહેવું પડ્યું છે કે એમના પિતાનું મૃત્યુ કાર્ડિયાક એરેસ્ટથી થયું હતું. એમના મૃત્યુ બાબતે અગાઉ શંકા હોવાનો પત્ર પાઠવ્યાનું પણ એમને કબૂલ્યું છે, પણ હવે તેઓની કશી શંકા રહી નથી! સ્વાભાવિક રીતે જ લોયા પરિવારને આવું ફેરવી તોળવા માટે પણ મજબૂર થવું પડ્યું હોવાની શંકા વિવિધ રાજકીય અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વ્યક્ત થઈ છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ સામે મહાભિયોગ ચલાવવા સુધીની માગણી કરનારા નારાજ જજોએ બધું સમુંસૂતરું પાર ઊતરશે એવી આશા વ્યક્ત કરી હોય તો એમાં પણ દાળમાં કંઈ કાળું હોઈ શકે છે! આખરે જજ પણ છે તો મીણ માટીનો માણસ. આ ઘટનાથી સુપ્રીમ કોર્ટ તરફનો અહોભાવ અલબત્ત ઘટ્યો છે, ન્યાયપાલિકાની વિશ્વસનીયતા સામે પ્રશ્નાર્થો સરજાયા છે અને તંત્ર વધુ પારદર્શક બનશે એ મુદ્દે પણ શંકાકુશંકા જ પ્રવર્તી રહી છે.

પોતાનો પતંગ સૌથી ઊંચે રાખવા બધા મથતા હોય છે

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'એ... કાપ્યો...છે.... ઓ...ઓઓ વોઉઉઉ...'

'ઢીલ..... દે....દે... દે..દેરે ભૈયા...!'

'એ....એ...ગઈ.... વોઉઉઉ....'

'અરે બસ હવે, કેટલી બૂમો પાડશો ?' બિનલે અગાસી પર પતંગ ચઢાવવા એકઠા થયેલા મિત્રોને સંબોધીને કહયું. ત્યાં જ દાદા-દાદી અગાસી પર આવ્યા.તેમના હાથમાં તલ-સીંગના લાડુ તથા ચિકકી હતા. સૌ રાજી થયા.

'એ...એ... મારો પતંગ કાપી નાખ્યો.' નાનકડો યશ રડવા માંડયો. 'એ...તો.. બાજુની અગાસી વાળાએ કાપ્યો.' નિલેશે ખુલાસો કર્યો. 'પણ મારો જ પતંગ કેમ કાપ્યો ?' યશ રડે જતો'તો. 'અરે, બેટા, એ તો હવામાં જેનો પતંગ ચગતો હોય તેનો પતંગ કપાય તો ખરો જ.' દાદાએ યશને સમજાવવાનો પ્રયત્ન કર્યો.'બીજો પતંગ લઈ લે ને'નિલેશે યશને કહયું. 'બીજા પતંગને કિન્ના કોણ બાંધી આપશે ?'

'લાવ,...હું બાંધી દઉં છું.' દાદીને યશની દયા આવી. એટલામાં કયાંકથી પતંગ કપાઈને આવ્યો. સૌ કપાયેલા પતંગને પકડવા માટે દોડયા. યશ હાથમાં લાંબી લાકડી લઈ પતંગ પકડવા દોડયો. પરંતુ પતંગ નજીકના લાઈટના થાંભલાના તાર સાથે વીંટળાઈ ગયો. દાદાએ તે પતંગ ઉતારવાની બધાને ના પાડી. 'કપાયેલો પતંગ લૂંટવાની બઉ મજા આવે, દાદા.' કાવ્યાએ કહયું. 'હા .. બેટા... પણ જીવના જોખમે પતંગ લૂંટવા ન જવાય.'

'ચાલો બધા તલસાંકળી ખાઈ લો. ઉંધીયુ અને જલેબી પણ તૈયાર છે.'મમ્મીએ મોટેથી બુમ પાડી. પરંતુ પતંગમાં વ્યસ્ત કોઈએ તે તરફ ધ્યાન આપ્યું નહિ.'પતંગના નશામાં બાળકો ખાવા-પીવાનું વીસરતા હોઈ છે.' -મમ્મીએ બળાપો કાઢયો. એટલામાં તો પવન પડી ગયો. સૌ નિરાશ થયા. આ પવન પણ ? દાદાએ કહયુ, 'બેટા, આમ નિરાશ ન થવાય. પવન, આપણા હાથની વાત નથી. એ તો આવેય ખરો ને જાય પણ ખરો.'

'દાદા, પવનની સ્વીચ કોના હાથમાં હોય છે ?' યશે પ્રશ્ન કર્યો. સૌ હસી પડયા.

જો પતંગ એ જીવનનું પ્રતીક બને તો?. કેટલીક પતંગો ઊંચે આકાશમાં ચગે છે, તો કેટલીક અધવચ્ચે કપાઈ જાય છે. કેટલીક પતંગો કપાઈને અવાવરું કૂવામાં પડે છે, તો કેટલીક પતંગો ઝાડની ડાળીઓમાં ભરાઈ જાય છે. જે ભારે મથામણ પછી પણ નીકળી શકતી નથી, અને છેવટે ફાટી જાય છે. કેટલીક પતંગો લાઈટના થાંભલે ભરાઈ જાય છે જે લાઈટના તાર સાથે જોડાયેલી હોઈ નીકળતી નથી અને જે પ્રયત્ન કરે છે તેનો જીવ લઈ લે છે.

પોલીટીક્સને અને પતંગ ચઢાવવા ને સીધો સબંધ છે. બાજુવાળો પાડોશી જ તમારો પતંગ પહેલો કાપે છે. પતંગ બહુ ઊંચે આકાશમાં હોય ત્યારે બધાની નજર તેના પર હોય છે અને કરૂણતા એ છે કે તમારો પતંગ આકાશને આંબે એવું કોઈ ઈચ્છતું નથી હોતુ અને તેથી તમારો પતંગ કાપવા માટે ચારેબાજુથી, પેચ લડાવવામાં (પગ ખેંચવામાં) આવે છે. જેટલી તમારી મજબૂત ડોર, તેટલો તમારા અસ્તિત્વનો આધાર. મારો પતંગ ઊંચે રાખવા માટે બીજાનો પતંગ કાપવો પડે ? રાજકારણમાં સ્વભાવગત સામ્ય એ છે કે તમારો પતંગ ખૂબ ઊંચે જતો હોય તો તે કોઈને ન ગમે. દરેક જણ બીજાનો પતંગ કાપીને પોતાનો પતંગ ઊંચે રાખવા મથતા હોય છે. 'હમ દૌડ રહે હૈ ભીડ કી તરફ ઔર યે ભી ચાહતે હૈ કી હમે રાસ્તા મીલે.'

આપણે ત્યાં પતંગને લૂંટવાની મજા માણનારાઓની સંખ્યા ઓછી નથી. કેટલાક તો દોરી-પતંગને હાથ લગાવ્યા વગર માત્ર ઉડતી અને કપાતી પતંગોને જોવાનું કામ કરતાં હોય છે. તેઓ હિંચકે બેસી ખારીસીંગ ખાનારા છે. સમાજમાં આવો વર્ગ પણ અસ્તિત્વમાં છે જ.

છેવટે આ બધાના પાયામાં પવન છે. જો પવન નથી તો ઠૂમકા મારીને હાથ દુખાડવાનો અર્થ રહેતો નથી;એવું માનનાર વર્ગને પવન ન હોવા છતાં ઠુમકા મારીને ,પતંગને ઊંચે ચઢાવવા મથનાર બાળક મને પરિશ્રમી અને મહત્વાકાંક્ષી લાગે છે.

મિસરી

'સરસ છે' કહીને અટકવું નહીં મિત્ર !
'અમારે શું ?' કહીને છટકવું નહીં મિત્ર !

- મગન 'મંગલપંથી'

જીવનને જીવવાની ફિલસૂફી સમજી લીધી... જે ખૂશી જીવનમાં આવી આખરી સમજી લીધી : મરીઝ

જહાં જિતના થોડા સા
સુખ મિલતા હો
ઉતના હી હમે આતુર
ઔર કૃતજ્ઞ હાથો સે
લે લેના ચાહિયે
ઉસીકા નામ સ્વાધીનતા હૈ
બાકી સબ સંઘર્ષ હૈ
અન્ત-હીન, આશાહીન, અર્થહીન સંઘર્ષ

- અજ્ઞેય (કવિ સચ્ચિદાનંદ હીરાનંદ)

અજ્ઞેયજીની સુપ્રસિદ્ધ નવલકથા 'નદી કે દ્વિપ' માંની આ પંક્તિઓ છે.

આપણા જીવનનો એક મહાવિચિત્ર નિયમ એ છે કે આપણે જેની પાછળ ભાગીએ છીએ તે કદી પ્રાપ્ત થતું નતી અને ભાગવાનું છોડી દઈએ છીએ તો તે દોડતું સામે આવે છે...

જે કાંઈ આપણી પાસે છે, તેનાથી ખુશ થવું આપણને પસંદ નથી... જે નથી તેને રોવું છે... એક કાગડો હંમેશા વિચારતો રહેતો હતો કે, યાર ! મારા જેટલો દુઃખી કોઈ નહીં હોય... ન તો મારી પાસે રૂપ છે, ન તો સ્વર છે... મારી કરતા તો કોયલ સુખી છે. તે કોયલ પાસે જાય છે... કોયલ કહે છે અરે કાગડા... મારી કરતા તો બગલો વધુ સુખી છે, તે સફેદ પણ છે અને અવાજ પણ ઠીકઠાક છે..

બગલા પાસે કાગડો પહોંચે છે, બગલો કહે છે શું યાર ! મારી પાસે તો એક જ કલર છે... જયારે પોપટ પાસે તો કલર અને અવાજ બંને છે. તે તો મનુષ્યવાણી પણ બોલી શકે છે ! કાગડો પોપટ પાસે ગયો... પોપટ કહે શું વાત કરે છે ! સુખી અને હું મારી પાસે તો બે જ કલર છે, સુખી તો મોર છે... એની પાસે તો અખુટ કલર્સ છે અને સુંદર અવાજ છે... તે જયારે કળા કરતો હોય ત્યારે લોકો તેની સાથે સેલ્ફી પણ ખેંચાવે છે...

કાગડાને પણ લાગ્યું કે હાં ! વાત તો સાચી છે. સૌથી સુંદર પક્ષી તો મોર જ છે... તે ઉડતો ઊડતો મોર પાસે જાય છે... મોર કહે છે આ પૃથ્વી પર જો સૌથી સુખી પક્ષી કોઈ હોય તો તે કાગડો છે... કાગડો ચોક્યો - 'શું વાત કરે છે !' સૌથી સુખી હું ?' મોરે જવાબ આપ્યો હાં! સૌથી સુખી તું જ છે... કારણ કે આજ સુધી મેં કયારેય પ્રાણી સંગ્રહાલયમાં કોઈ કાગડાને પૂરાયેલો નથી જોયો... અને સ્વતંત્રતાથી વધુ બીજી કોઈ ખુશી સુખ હોઈ જ ન શકે ને !

આપણા બધાનું કાગડા જેવું છે... વિષય જૂનો અને ચવાયેલો છે કે 'આપણે બીજાના સુખને જોઈને પોતાની ખુશીનું માપ કાઢીએ છીએ.' પણ આટઆટલા ફીલોસોફીકલ લખાણો લેખો આ વિષયમાં વંચાયા, સંભળાયા હોવા છતાં આપણે હજી મુદ્દાને સમજીને અણસમજ્યો કરતા રહીએ છીએ....

ઉપરોક્ત પંક્તિમાં સુખની જે વાત કરવામાં આવી છે, તેને પકડી લેવાની વાત કરી છે... જયાથી જેટલા પ્રમાણમાં સુખ મળે તેને બેઉ હાથે બેગુ કરી લેવું જોઈએ...

સુખ કે ખુશી રેસકોર્ડ પર પૈસા લગાવેલા ઘોડો જીતે ત્યારે અથવા ગિલ્લી દંડામાં આપણે જીતી જઈએ ત્યારે... બંને વખતે સુખ તો મળે જ છે... આપણે સુખ કોને માનીએ છીએ, તેના ઉપર નિર્ભર છે...

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

કોઈ જોક્સ સાંભળીએ છીએ, મજા આવે છે તો મન ભરીને હસીએ, ખડખડાટ હસીએ... પોતાના નાના સંતાન સાથે રમતા રમતા તેના જેટલા બની જઈએ છીએ ત્યારે જે આનંદ મળે છે, તે સમેટીએ... નાના બાળકની કાલીઘેલી બોલીમાં ચકા-ચકીની વાર્તા સાંભળીને ખુશ થઈએ... સાથી કર્મચારી સાથે કેન્ટિનમાં ચા પીતા-પીતા ઠઠ્ઠા મશ્કરી કરીને ખુશ રહીએ...

સુખના હાથવગા સાધન તો હજાર છે, અને બધા આપણી પાસે સાવ ઢૂંકડા છે... આપણો પરિવાર આ જીવનમાં જન્મ લીધા પછી આપણી માટે જો કોઈ સૌથી વધુ મહત્ત્વના વ્યક્તિઓ હોય તો તે છે આપણો પરિવાર... મા-બાપ, ભાઈ-બહેન, પત્ની-બાળકો... શું આ જણસ આપણને ખુશ રાખવા માટે પર્યાપ્ત નથી ? બિલકુલ છે...

નિરાશા હતાશા અને નિષ્ફળતા આપણે પોતે ઈચ્છીએ તો જ આપણા પર હાવી થઈ શકે છે... શું કામ આપણે નથી... નથી... ની કાગારોળ કરીને જે છે તેને પણ નજરઅંદાજ કરતા રહીએ છીએ... દુનિયાનો કોઈ પણ વ્યક્તિ આપણી ઈચ્છા વિરુદ્ધ આપણને દુઃખી નથી કરી શકતો...

આપણું જીવન તો આનંદી કાગડા જેવું રાખવું... જયાં જે પરિસ્થિતિમાં નાખો તે ખુશ જ રહેવાનો હોય છે... આ વાર્તા આપણે પહેલા ઘણીવાર સાંભળી છે... જીવનમાં ઉતારી નથી...

આનંદ સુખ એ એવી સંપત્તિ છે, જે 'હીડન' છે... આપણામાં રહેલો છૂપો ખજાનો છે... કોઈ પણ ગેમ આપણે રમતા હોઈએ ત્યારે બોનસ પોઈન્ટ અથવા વધુ શક્તિશાળી થવા માટે વચ્ચે વચ્ચે 'માઈલસ્ટોન' આવતા રહે છે. આપણે ગેમમાં કોઈ પણ સંજોગોમાં એ માઈલસ્ટોન આપણા પોઈન્ટ વધારવા કે આપણી તાકાત વધારવા જોમ બગાડી દઈએ છીએ... આવું જ જીવનરૂપી રમતમાં છે... અહીંયા પણ જીવનમાં વધુ એનર્જી મેળવવા સુખી થવાના આનંદ પ્રાપ્ત કરવાના અગણિત માઈલસ્ટોન આવતા રહે છે... આવશ્યકતા છે તેને ઓળખવાની... અને મુઠ્ઠીમાં કરી લેવાની નાની-નાની વાતોમાં પણ ક્ષુલ્લક ક્ષણોમાં સુખ અને આનંદ શોધી લેનાર આજના સમયનો 'ગેમ-વિનર' બની શકે છે...

● ચિત્રલેખાની એલચી

- નિરાશાવાદીની નજરે સુખની વ્યાખ્યા :
'સુખ સરિતા જેવું છે, જરા અમથા તાપથી સુકાઈ જાય...
દુઃખ દરિયા જેવું છે, જે કદાપિ ન સુકાય...'

- આશાવાદીની નજરે સુખની વ્યાખ્યા :
'સુખ તો બેરર ચેક જેવું છે, મળે કે તરત વટાવી લેવું!'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

વિદેશમાં ઉછરેલી છોકરી આટલું સરસ ગુજરાતી બોલે !

'અમે હંધાયે આયાં બઉ ધમાલ કરીએ છીએ.' હસતાં હસતાં માનસીએ એના મમ્મીને વીડિયો કોલમાં કહ્યું... પછી ઉમેર્યું 'આમાં અમે કાઈપો છે ની રાડો પાડીને પછે ગરબો પણ રઈમ્યા...'

આસપાસ બેઠેલા સહુ હસી પડ્યા ને કહ્યું... 'આ છોકરી બ્રિટન કે ઓસ્ટ્રેલિયાથી આવી હોય એવું લાગતું જ નથી.'

સુરેશચંદ્ર જોશી અને સુભદ્રાબેનનો પરિવાર એ સમયે આફ્રિકામાં રહેતો હતો. ઈદી અમીનના ફરમાન બાદ મોટી સંખ્યામાં ગુજરાતી પરિવારો બ્રિટનમાં સ્થાયી થયા એમાં આ પરિવાર પણ હતો.

સુભદ્રાબહેન બંને દીકરાઓને લઈને ગુજરાતના ભાવનગર શહેરમાં સ્થાયી થયા. એમાંના નાના પુત્ર દીપક જોષી, જે પછીથી બ્રિટનમાં સ્થાયી થયા તેમની અને તેમના પત્નીની કલાવારસા પ્રત્યેની સૂઝ સાથે કારકિર્દીમાં - ઘરમાં ઉછેર થયો વ્હાલી દીકરી માનસી જોષીનો. બ્રિટમાં - લેસ્ટર જેવા ગુજરાતી વસ્તીના વ્યાપવાળા ગામમાં ઉછેર એટલે, મંદિરો, ઉત્સવો, ધર્મ, અધ્યાત્મક, કર્મ, પારિવારિક સ્નેહ સંબંધોને માનસીએ આત્મસાત્ કર્યા હતા. રોજ રાત્રે ઘરમાં એના મોટાભાઈ ધ્રુવ સાથે આરતી કરવી, અતિથિઓનો આદર સત્કાર કરવો, પરંપરાગત ઉત્સવોને માણવા વગેરે જેવા સંસ્કારો એ દીકરીએ આત્મસાત કર્યા હતા.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

સમયે સમયે બાળપણથી એ ગુજરાતમાં અને ભારતમાં આવતી જતી હતી. ગંગા સ્નાન કરીને આનંદ અનુભવે અને બરસાના રાધાજીના મંદિરમાં ભાવપૂર્વક પ્રણામ પણ કરે. ભાવનગર આવે તો ખોડિયાર માતાના મંદિરે જવું ગમે ને તીથલના દરિયા કિનારે ધુબાકા દેવાની મજા પણ માણે.

અભ્યાસમાં હોંશિયાર - ખુબ સારા ગ્રેડ મેળવે, અભ્યાસ ઉપરાંત ઈતર પ્રવૃત્તિઓમાં પણ ખુબ રસ લેતી થઈ... એરો ટેકનોલોજી અને એરોસ્પેસ એન્જીનીયરીંગમાં માનસીએ ઉચ્ચ અભ્યાસ પસંદ કર્યો. લંડનની પ્રતિષ્ઠિત કૉલેજમાં પ્રવેશ મેળવ્યો.

દરમિયાન એને એક સુંદર તક મળી ઓસ્ટ્રેલિયા એક વર્ષ ભણવા જવા માટેની. મમ્મી પપ્પાની સાહજિક ચિંતા કે ક્યાં રહેશે? કયાં જમશે? પરંતુ પરિવારના વર્ષોના સંબંધો અને માનસીની હિંમત બંને કામે લાગ્યા અને માનસી પહોંચી ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં. ઓસ્ટ્રેલિયા દેશના મહાત્ત્વના સ્થળો તો એ ફરવા ગઈ જ સાથે સાથે મલેશિયા - સિંગાપોર જેવા દેશોમાં પણ જઈ આવી અને વર્ષો બાદ ફરીથી ભારત-ગુજરાત આવી હતી.

અમદાવાદમાં આવતાવેંત જ કાંકરીયા કાર્નિવલ અને ફલાવર શૉ અને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉત્સવો માનસીએ મન ભરીને માણ્યા. અને મકરસંક્રાતિની સંધ્યાએ મણીનગરમાં ધાબા પરથી પતંગો ઉડાવતા આ શબ્દો તે બોલી હતી.

વિદેશમાં ઉછરેલી એક દીકરી આટલું સરસ દેશી અને શુદ્ધ ગુજરાતી બોલી જાણે... વચ્ચે કયાંયે અંગ્રેજી ઉચ્ચારો ન આવે એ માટે સહુએ એને અભિનંદન આપ્યા અને માનસીએ પણ આ વાતનું ગૌરવ અનુભવ્યું

શિયાળો એટલે આપણે ત્યાં એન.આર.આઈ. મહેમાનોના આવવાની મૌસમ.... અહીં આવતા આ એન.આર.આઈ.ને મળવાનું થાય ત્યારે એમની ભાષા-રહેણીકરણી - વગેરેનો અનુભવ પણ થાય...

એક દીકરી જે સંપૂર્ણપણે બ્રિટીશ વાતાવરણમાં ઉછરી હોય તે ગામડા ગામની ગુજરાતી ભાષા બોલે ત્યારે આપણી માતૃભાષા વિદેશમાં સચવાયાનો આનંદ થાય.